GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# ડિજિટલ મીડિયા અને સાહિત્ય

વૈષ્ણવ પાયલબેન જયંતીભાઈ

પીચ.એચ.ડી.સંશોધક

SJSB Comm.& SSKU Arts College, OLPAD, Di.Surat

આદિકાળથી માનવ પોતાના મનમાં ચાલતી વિચાર પ્રક્રિયાને કોઈને કોઈ સ્વરૂપે અભિવ્યક્ત કરવાની ઝંખના ધરાવતો હોય છે.આ વિચારોની ગતીવિધિને અભિવ્યક્ત કરવા તે વિવિધ કલાઓનો ઉપયોગ કરે છે.જેમકે,ચિત્રકલા,સાહિત્યકલા,શિલ્પકલા વગેરેને ગણાવી શકાય.બધી કલાઓમાં સાહિત્યકલા માનવીના વિચારોને પ્રબળ રીતે વ્યક્ત કરી શકે છે.મનુષ્યના ઈતિહાસ પર નજર નાખતા જાણવા મળે છે કે વખતોવખત સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તનો આવ્યાં છે. આ બધા પરિવર્તનોથી મનુષ્ય જીવન પ્રભાવિત થયું છે.પ્રભાવિત પરિબળો તરીકે મુખ્યત્વે ઉદ્યોગોનો વિકાસ તથા સમુહ માધ્યમોનો ઉલ્લેખ કરી શકાય.

આજના યુગને ડિજિટલ મીડિયાનો યુગ કહેવામા આવે છે એ બાબત જ સ્પષ્ટ કરે છે કે જનસમૂહ પર કેટલો પ્રભાવ રહેલો છે. આ ડિજિટલ મીડિયાથી સમાજને ઘણા લાભ થાય છે તો કેટલુક નુકસાન પણ. અમુક વર્ગ તેને એક લાગણીએ બાંધનાર પરિબળ માને તો અમુક વર્ગ પરંપરાગત મૂલ્યોનો નાશ કરનાર પરિબળ તરીકે જોવે છે.કેટલાક શિક્ષણ માટે આશિર્વાદ રુપ ગણે  છે તો કેટલાક તેના કારણે બાળકોમાં હિંસા,જાતીયતાની વૃત્તિને પોષનાર તત્વ તરિકે માને છે.ડિજિટલ મીડિયાનાં સારાં–નરસાં પાસાં ગમે તેટલા હોય, તો પણ આપણે એ વાતનો સ્વીકાર કરવો જ રહ્યો કે તે આજના સમયમાં મનુષ્ય જીવનના અનિવાર્ય અંગ સમાન બની ગયાં છે.

આપણે આ સદીના સમૂહ માધ્યમોને ડિજિટલ મીડિયા તરીકે વધુ ઓળખીએ છીએ.આ ડિજિટલ મીડિયાએ સદીના જનસમુદાય પર એવો તો ગાઢ પ્રભાવ પાડ્યો છે કે,જો તે એક દિવસ પણ ન હોય તો મનુષ્યની દશા કેવી થાય તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.સમૂહ માધ્યમના મૂળ શોધીએ તો જાણવા મળશે કે મુદ્રણ યંત્રની સાથે  જ સમૂહ માધ્યમ શરુ થયેલ છે.એ પહેલા તાડપત્ર,પથ્થર,ઈંટ,ચામડું,ભૂર્જપત્ર,ધાતુઓ કે કાગળ વગેરે લેખન માટે ઉપયોગ કરવામાં આવતો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

હતો,પરંતું તેનો વ્યાપ સિમિત રહેતો.આમ મનુષ્યજાત પર પ્રભાવ પાડનાર સૌપ્રથમ મુદ્રણ માધ્યમ મળ્યું. આ મુદ્રણ માધ્યમ પછી જે સમૂહ માધ્યમનો આવિસ્કાર થયો છે,જેણે ખૂબ પ્રભાવક અસર કરી છે તે છે ડિજિટલ મીડિયા.

સમૂહ માધ્યમોને બે પ્રકારે જુદા કરી શકાય, એક મુદ્રણકળા અને બીજુ યંત્રકળા.મુદ્રણકળામાં સર્જકની અનુભવી સૃષ્ટિ ભાષાના માધ્યમ થકી સંચાર પામીને ભાવક સુધી પહોંચે છે.જ્યારે યંત્રકળામાં સર્જકની અનુભવી સૃષ્ટિ યંત્ર સામગ્રી ધ્વારા દ્રશ્ય–શ્રાવ્ય સ્વરુપે રજૂ થતી હોય છે.મુદ્રણકળામાં ભાવક માત્ર વાચે ત્યારે જે તે વસ્તુને પોતાના મનમાં દ્રશ્યમાન કરે છે,જ્યારે યંત્રકળામાં શ્રોતા ફિલ્મ કે ટેલિવિઝન પર રજૂ થતાં દ્રશ્યો સંવાદ સાથે માણી શકે છે.ચુનિલાલ મીડિયા કૃત 'લીલુડી ધરતી'માં ગુંદાસરનું તેમજ ત્યાના ગ્રામ્ય વિસ્તારનું પ્રત્યક્ષ દર્શન, મધુરાયની 'કિમ્બલ રેવન્સવૂડ'માં રજૂ થતું બાર રાશીઓ વાળી છોકરીઓનું ચરિત્ર ચિત્રણ કે ધૃવ ભટ્ટની 'તત્વમસી'માં આવતું નર્મદાનું વર્ણન વાચક ચિત્તમાં એ અનુભવ જાગૃત કરે છે.જ્યારે યંત્રકળામાં સંવાદ કે ચિત્રોનો આધાર લઈને જોનાર સમક્ષ પ્રગટ કરે છે.આ અંગેનો ભેદ ધૃવ ભટ્ટની 'તત્વમસી'નવલકથા અને 'રેવા' ફિલ્મની તુલના કરતાં જ સ્પષ્ટ થઈ જાય છે.

મુદ્રણકળાની એક વિશેષતા એ છે કે એને સમજવા માટે,વાચવા માટે જે તે વ્યક્તિ પાસે અક્ષરજ્ઞાન હોવું જરૂરી બને છે.આથી જેઓ નિરક્ષર હોય તેના માટે મુદ્રણકળા ઉપયોગી નથી. આમ,મુદ્રણકળા દ્વારા વ્યક્ત થતા  સંદેશાઓને સમજવા માટે વ્યક્તિ પાસે શિક્ષણ જરૂરી છે.આ સમૂહ માધ્યમ છે તેમ છતાં એક સમયે એક જ વ્યક્તિ તેના સંપર્કમાં આવે છે,જ્યારે ડિજિટલ મીડિયા ઘણી બધી વ્યક્તિઓને સાંકળી શકે છે.બુદ્ધિ પ્રકાશમાં પ્રગટ થયેલ કોઈ નવલિકા હોય અથવા રઘુવીર ચૌધરીની 'અમૃતા' હોય કે કોઈ છાપામાં આવેલ લેખ–તે ભાવકની એકલાની અનુભૂતિ બની રહે છે.

મુદ્રણકળા એ સૌથી જુનું સમૂહ માધ્યમ છે,તેમાં પુસ્તક, દૈનિક વર્તમાન પત્ર અને સામાયિકનો સમાવેશ થાય છે.તેમાં શબ્દ કે ચિત્ર દ્વારા જ જે તે ભાવકને સંદેશો મળે છે.દૈનિક વર્તમાન પત્ર એ સમાચાર,અભિપ્રાય,જાહેર ખબરો,તંત્રી લેખ,વિવિધ કોલમ જેવી લેખન સામગ્રી આપે છે.સામાયિકમાં વિવિધ માહિતી,જાહેર ખબર અને મનોરંજન પ્રાપ્ત થાય છે,જ્યારે પુસ્તકની વાત કરીએ તો તેમાં જે તે વિષયનું તલસ્પર્શી આલેખન થાય છે,સાથે ક્યારેક કેવળ આનંદનો હેતું રહેલો હોય છે.

સાહિત્ય વ્યક્તિના વિચારોને રજૂ કરવા માટે મદદરૂપ બને છે.સાહિત્યનું જે નિર્માણ કરે છે તે અન્ય પ્રત્યે વધું સહાનુંભૂતિ ધરાવતો હોય છે. સાહિત્યને આપણા રોંજિદા જીવનમાં સામેલ કરવું જોઇએ.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

કારણ કે તે આપણા વિચાર,વર્તન અને વાણીમાં સતત સુધારો કરે છે.દરેક ઘટનાને વિશિષ્ટ દ્રષ્ટિકોણથી જોવામાં સાહિત્ય વિશેષરુપે મદદ કરે છે.કોઈ મહાન વિદ્વાને કહ્યું છે કે “તમારે કોઈ દેશને ઓળખવો હોય તો ત્યાનું સાહિત્ય વાચો” આ વિધાન પરથી કહી શકાય કે સાહિત્યનો સમાજ સાથે કેવો ગાઢ સંબંધ છે.સાહિત્યએ અનેક વ્યવસ્થાઓને બદલી એક સભ્ય સમાજની રચના કરવામાં સિંહફાળો આપ્યો છે.સમાજમાં ઘટતી દરેક ઘટનાને સાહિત્યમાં આલેખી શકાય, સાથે તેમાંથી શીખી પણ શકાય છે.સાહિત્યના કોઈ પણ સ્વરૂપથી વ્યક્તિને સમજશક્તિ અને લાગણી પ્રાપ્ત થાય છે. મનુષ્યનું જીવન સાહિત્યના રૂપે પ્રસ્તુત થાય છે.આમ,ડિજિટલ મીડિયા હોય કે ન હોય સાહિત્ય તો મનુષ્ય જીવન માટે મૂલ્યવાન ખજાનો જ બની રહેશે.તેમ છતાં સાહિત્ય ડિજિટલ સમય દરમિયાન પણ સમૃદ્ધિ મેળવે છે,સાથે સમાજની સેવા કરવા મહત્તમ ભાગ ભજવે છે.

હવે,જ્યારે ડિજિટલ મીડિયાની વાત કરીએ ત્યારે જોવા મળે કે ડિજિટલ મીડિયાને જાણવા માટે અક્ષરબોધની જરૂર નથી.વ્યક્તિ માત્ર તેની દ્રશ્યાત્મકતા અને સંવાદો થકી જ માહિતી મેળવી શકે છે.ડિજિટલ મીડિયા એક સાથે અનેક સમૂહને સાંકળી શકે છે,આ તેની અનન્ય વિશેષતા છે.મુદ્રણકળા અને ડિજિટલ મીડિયા વચ્ચે એક મુખ્ય ભેદ એ છે કે ડિજિટલ મીડિયાનો આધાર સંપુર્ણપણે ટેક્નોલોજી પર રહેલો છે.

ડિજિટલ મીડિયાને સમૂહ માધ્યમનો બીજો પ્રકાર ગણાવી શકાય. જેમા શરૂઆતમાં ફિલ્મ, રેડિયો,ટેલિવિઝન જેવા ઇલેક્ટ્રોનિક્સ સાધનો ઉપલબ્ધ થયા.પછીથી તેમાં નવા સંશોધન મુજબ સ્માર્ટ ફોન, લેપટોપ વગેરેએ સ્થાન લીધુ. શરૂઆતના સમયમાં એમ થતું કે અમુક નિશ્ચિત સમયે જ જે તે કાર્યક્રમ જોવો પડતો,એ અગવડતા પણ આજના સમયમાં દુર થઈ ગઈ છે.વ્યક્તિ જ્યારે ઇચ્છે ત્યારે તેનો ઉપયોગ કરી શકેછે,કે કોઈ પણ કાર્યક્રમ તેની સગવડતા મુજબ જોઈ શકે છે.

ડિજિટલ મીડિયા કોઈ પણ સામગ્રીનો ઉલ્લેખ કરી તેને ડિજિટલ સ્વરૂપે બનાવી,સંગ્રહિત કરી અને અન્ય લોકોને વિતરણ કરવાનું કામ કરે છે. આ માટે વિવિધ પ્રકારના પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે,જેમા ટેક્સ્ટ (ઈ–પુસ્તકો,બ્લોગ્સ,લેખો અને ઓનલાઈન પ્રકાશનો),ઓડિયો (સંગીત ફાઈલો,પોડકાસ્ટ અને ઓડિયોબુક્સ),વિડિયો (મૂવીઝ, ટેલિવિઝન શો,વિડિયો ક્લિપ અને લાઈવ સ્ટ્રીમ),ચિત્ર (ડિજિટલ ફોટોગ્રાફ, ગ્રાફીક્સ),અન્ય સામગ્રી (વિડિયો ગેમ્સ, એપ્લિકેશનો અને ઓનલાઇન અભ્યાસક્રમો) વગેરેને ગણાવી શકાય.

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સામાન્ય રીતે કમ્પ્યુટર, સ્માર્ટ ફોન, ટેબ્લેટ ,સ્માર્ટ ટીવી અને સ્માર્ટ વોચ જેવા ઇલેક્ટ્રોનિક્સ ઉપકરણોને ડિજિટલ મીડિયામાં ગણાવી શકાય. આ ઉપકરણો થકી માહિતીનો ઉપયોગ અને માહિતીને પ્રસારીત કરવાની રીતમાં પરિવર્તન આવ્યું છે.જેનાથી આપણને વિશાળ સામગ્રી સરળતાથી ઉપલબ્ધ થાય છે. ડિજિટલ મીડિયાને ઈન્ટરનેટ દ્વારા કનેક્ટ કરી ગમે ત્યારે સાહિત્યને રજૂ કરી શકાય છે તથા કોઈ પણ પ્રેક્ષકો કોઈ પણ સમયે આ સાહિત્યની સામગ્રી સાથે સરળતાથી જોડાય શકે છે. પરંપરાગત મીડિયાથી વિપરીત ડિજિટલ મીડિયા ઘણીવાર ક્રિયાપ્રતિક્રિયાનો અવકાશ આપે છે,જે વપરાશકર્તાઓને ટિપ્પણીઓ,શેર અને લાઈક્સ દ્વારા સક્રિયપણે ભાગ લેવા સક્ષમ બનાવે છે.ડિજિટલ મીડિયાના ઉપયોગ માટે પરંપરાગત મીડિયા કરતા ખર્ચ ઓછો થઈ શકે છે.ઉદાહરણ તરીકે જે તે પુસ્તકની પ્રિન્ટ કરવા કરતા ઓનલાઈન પ્રકાશન માટે ઓછા સાધનોની જરૂર પડે છે. વિશ્વની કોઈ પણ વ્યકિત પોતાની રજૂઆત દ્વારા તાત્કાલિક પ્રતિસાદ આપી શકે છે,જેથી સર્જક ભાવકોની પ્રતિક્રિયાઓના આધારે સાહિત્યની રચના કરી શકે છે.

ડિજિટલ મીડિયામાં વિવિધ પ્લેટફોર્મ જેવા કે વિડિયો,બ્લોગ્સ,ઈન્સ્ટાગ્રામ,ફેસબુક, ટ્વિટર વગેરેના ઉપયોગથી જે તે વ્યક્તિની સર્જનકળા અને સર્જકના અનુભવોને રજૂ કરવાની તક પ્રાપ્ત થાય છે.તેના થકી સરળતાથી કોઈ પણ દેશની ભૌગોલિક સીમાઓ પાર કરી શકાય, જેથી સર્જક વિશ્વના કોઈ પણ પ્રેક્ષક સુધી અડચણ વિના પહોચીં શકે છે.આમ,ડિજિટલ મીડિયાએ સામગ્રીને તૈયાર કરવી,અન્ય સુધી પહોંચાડવી તથા તેના વપરાશથી વિશ્વ સાકડું બન્યું છે.જેથી. સર્જક અને પ્રેક્ષક બંને માટે અસંખ્ય ફાયદા કરાવે છે.

ડિજિટલ મીડિયાના યુગમાં સાહિત્ય ઘણાબધા કારણોથી ખૂબ જ ચર્ચામાં રહ્યું છે.ડિજિટલ ટેક્નોલોજીએ ઈ–પુસ્તકો,ઓડિયોબુક્સ અને ઈન્ટરેક્ટિવ કથાઓ,માઈક્રો સ્ટોરી,બ્લોગ્સ, ઓનલાઇન પ્રકાશનો વગેરે જેવા નવા સાહિત્યિક સ્વરૂપોને જન્મ આપ્યો છે.વોટપેડ અને મીડિયમ વગેરે જેવા પ્લેટફોર્મ દ્વારા લેખક પોતાના વિચારોને રજૂ કરી વાચક સાથે જોડાવાની આધુનિક રીત પૂરી પાડે છે.ડિજિટલ મીડિયાને કારણે સાહિત્ય દરેક સુધી પહોંચ્યું છે,વાચકો કોઈ પણ ભૌગોલિક સીમાઓને ઓળંગીને વિશ્વના દરેક ગ્રંથો સુધી પહોંચી શકે છે. આમ, વિવિધ પ્રકારના દ્રષ્ટિકોણને રજૂ કરવા ડિજિટલ મીડિયા પ્રોત્સાહિત કરે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

ડિજિટલ મીડિયાને કારણે સાહિત્યિક વિશ્ર્લેષણને વેગ મળ્યો છે.ઓનલાઈન ડેટા વિદ્વાનો અને સાહિત્યપ્રેમીઓ  માટે નવી જ દિશા કંડારી આપે છે.વાચકો જે તે પુસ્તકોની ચર્ચા, વિચારણા,ટિપ્પણીઓ કરી સર્જક સાથે સીધા જોડાય શકે છે,વાચનનો રસ ધરાવતા વ્યક્તિઓને પણ પ્રોત્સાહન મળે છે.ડિજિટલ મીડિયા થકી સર્જક સમકાલીન ઘટકોને આલેખે છે. વિદ્યાર્થીના શિક્ષણ સ્તરમાં પણ વધારો કરે છે,જેમ કે ‘સ્વયં’ જેવા પ્લેટફોર્મ પરથી વિદ્યાર્થીઓ શિક્ષણ કાર્ય કરી શકે છે.ડિજિટલ મીડિયા સાહિત્યિક કૃતિઓને સાચવવા અને ભવિષ્યની પેઢીને માટે સુલભ બની રહે તે માટે મદદરૂપ બને છે.આથી એમ કહી શકાય કે કદાચ મુદ્રિત નકલો કોઈ કારણસર નાશ પામે તો પણ મહત્વના ગ્રંથો આપણી પાસે ડિજિટલ મીડિયા થકી ઉપલબ્ધ રહેશે.અંતે એમ સ્પષ્ટ થાય કે ડિજિટલ મીડિયા જનસમુદાય માટે બહુધા આશિર્વાદરુપ બની રહ્યું છે.

**સંદર્ભ સૂચિ**

૧. ફિલ્મ માધ્યમ અને નિર્માણકલા,હસમુખ બારાડી,૨૦૧૪

૨.સમૂહ માધ્યમો અને સાહિત્ય,પ્રીતિ શાહ,૨૦૧૯

૩.બુદ્ધિ પ્રકાશ,સાહિત્ય અને સિનેમા,સંજય આચાર્ય, જાન્યુઆરી ૨૦૧૮

૪.દ્રશ્ય–શ્રાવ્ય માધ્યમો અને સાહિત્ય, ધીરેન્દ્ર મહેતા,પરબ,એપ્રિલ–મે,૧૯૮૫